જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૧/૨૦૧૮ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૦૯/૧૮</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૧૨૬ કેસ કરી, ૧૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૩ લીટર દેશી દારૂ, ૭૭૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૧ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૪૪ બીયરટીન, ૦૩ કાર અને ૦૧ સ્કૂટર કબજે કર્યુ હતુ તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૮,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૦/૧૮</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>વિશ્વાસઘાત અને છેતરપીંડી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧/૧૮</u>**

**સોલા હાઇકોર્ટ :** ધરમપાલ રાજેંદ્રકુમાર ધીમાન (ઉ.વ.૨૬)(રહે,ગામ: મંજરી સે-૨, પંચકુલા, તા.જી. પંચકુલા હરીયાણા) એ તા.૧/૧/૧૮ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ડૉ.સુરેશ પ્રજાપતી (ફાઉન્ડર અને મેનેજીંગ ડીરેક્ટર મેડીકેર એન્ડ ફેસેલીટી)(વંદે માતરમ આર્કેડ, ન્યુ એસજી.રોડ, એક્ષીસ બેંક ના એ.ટી.એમ. ઉપર ચાંદલોડીયા) એ ધરમપાલ ના સંબંધી પાસેથી કીડની ટ્રાન્સપ્લાન્ટ માટે ના કુલ રૂપિયા ૩૩,૦૦,૦૦૦/- મેળવી લઇ, આજદીન સુધી કીડની ટ્રાન્સપ્લાન્ટ નહી કરી આપી, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.યુ.પાડવી ચલાવે છે.

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨/૧૮</u>**

**સરખેજ :** અહેમદભાઈ બસીરભાઈ શેખ (ઉ.વ.૫૭)(રહે,મધુમંગલ સોસાયટી ટોરેન્ટ પાવરની બાજુમા સોનલ સિનેમાની આગળ વેજલપુર) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૧/૧૮ ના કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે ઉજાલાબ્રીજ નજીક આવેલ પોતાની સુપર ઓટો ઈલેક્ટ્રીક વર્ક્સ નામની દુકાન આગળ પોતાની અશોક લેલન કંપનીની ટ્રક નંબર જીજે.૧૨.વાય.૫૧૮૪ કિંમત રૂપિયા ૪,૮૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી જેની ચોરી તા.૧/૧/૧૮ ના કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જે.પાઠક ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૩/૧૮**

**“જે” ટ્રાફીક પોલીસ સ્ટેશન :** દિનેશભાઇ રાજેન્દ્રપ્રસાદ મોર્ય (ઉ.વ.૨૮)(રહે,મારૂતીરામ સોસાયટી, ત્રિવેણી સ્કુલ પાસે, ગૌરી સિનેમા પાછળ, ઓઢવ) એ “જે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૧/૧૮ ના કલાક ૭/૧૫ વાગ્યાના સુમારે દિનેશભાઇના મોટાભાઇ અમૃતલાલ તેમની પત્ની સીમાબેન (ઉ.વ.૨૫) તથા દિકરી આરાધ્યા (ઉ.વ.૫) ને એક્ટીવા ઉપર બેસાડી જશોદાનગર કેડીલાબ્રીજ ચડતા રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન ટ્રક નંબર ૧૪૬૩ (જેના ચાલકના નામ કે ટ્રકના પુરા નંબરની ખબર નથી તે) પોતાના કબજાની ટ્રક પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી, અમૃતલાલનાં એક્ટીવાને ટક્કર મારતા અમૃતલાલ અને આરાધ્યાને શરીરે ઇજાઓ પહોંચાડી તેમજ સીમાબેનનું સ્થળ ઉપર મૃત્યુ નિપજાવી નાસી ગયો છે આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી “ડ” વિભાગ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.